# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૯ તા.૭-૧૦ -૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- 'આંતરરાષ્ટ્રીય હાથ ધોવાના દિવસ' ની ઉજવણી-૧૫ ઓકટોબર-૨૦૧૬

સંદર્ભ :- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીનાં પત્ર ક્રમાંક એસએસએ/પીએ/૨૦૧૬/૮૭૧-૯૪૫ તા.૫-૧૦-૧૬નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ૧૫ ઓક્ટોબરના રોજ સંદર્ભિત સામેલ પત્ર મુજબ ''આંતરરાષ્ટ્રીય હાથ ધોવાના દિવસ''ની ઉજવણી કરવા જણાવવામાં આવે છે. આ અંગેનો અહેવાલ સી.આર.સી.,યુ.આર.સી. મારફતે ટીચર્સ ટ્રેનીંગ કો.ઓર્ડિનેટરશ્રીએ તા.૨૫-૧૦-૧૬ સુધીમાં એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર ખાતે મોકલવાનો રહેશે તેમજ રિપોર્ટનો ફોટોગ્રાફ/વિડિયો msssguj@gmail.com ના ઈ-મેઈલ આઈ.ડી.પર પણ મોકલવાનો રહેશે.

તા.૭ -૧૦-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

મહેશ સિંહ, IFS
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સર્વ શિક્ષા અભિયાન અને
કમિશનર, પ્રાથમિક શિક્ષણ

સત્યમેવ જયતે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત.
ફોન.: (૦૭૯) ૨૩૨ ૪૩૧૩૩ ફે: ૨૩૨ ૩૮૪૦૪
e-mail : spdssa@gmail.com

ક્રમાંક: SSA/PA/2016/871-145 તારીખ: 05/૧૦/૨૦૧૬

પ્રતિ,
૧) જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેકટ કચેરી, એસએસએ,
જિલ્લા: તમામ
૨) શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ: અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા.

**વિષય: "આંતરરાષ્ટ્રીય હાથ ધોવાના દિવસ" ની ઉજવણી – ૧૫ ઓકટોબર, ૨૦૧૬**

તમે જાણો છો તે મુજબ, આંતરરાષ્ટ્રીય હાથ ધોવાના દિવસે દુનિયાના લોકોને એકત્રિત કરીને સાબુ વડે હાથ ધોવાની આદત પાડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ અભિયાનનો મુખ્ય અભિગમ રોગ નિવારણનો છે. જે ગયા વર્ષે પણ પ્રાથમિક શાળાઓમાં ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો અને તેમાં ઘણા બધા સહભાગીઆ ભાગલીધો હતો. રસોઈ બનાવતા પહેલા, જમતા પહેલા અને ટોયલેટના ઉપયોગ પછી સાબુ વડે હાથ ધોવાએ ખૂબ જ જરૂરી છે પાંચ વર્ષથી નીચેના બાળકો જો સાબુ વડે હાથ ધોવે તો તેમને ઓછામાં ઓછુ ૩૦% સુધી ઝાડા થવાનું પ્રમાણ ઘટાડી શકાય અને ૨૧% સુધી તીવ્ર શ્વાસોશ્વાસનું પ્રમાણ ઘટાડી શકાય છે.

તેથી, બાળકોમાં હાથ ધોવાની પધ્ધતિ વિશે જાગૃતિ વધારવા અને બાળકોમાં સાબુ વડે નિયમિત હાથ ધોવાની આદત પાડવા ૧૫મી ઓકટોબર ૨૦૧૬ ના રોજ જિલ્લાઓમાં " આંતરરાષ્ટ્રીય હાથ ધોવાના દિવસ" ની ઉજવણી કરવાની છે.

શાળાઓ ધ્વારા "**સાબુ ધ્વારા હાથ ધોવાની આદત**" ના વિષયમાં નીચેનામાંથી ઓછામાં ઓછી બે પ્રવૃતિઓનું આયોજન કરવાનું રહેશે.

| ક્રમ | પ્રવૃતિનું નામ | સાધન સામગ્રી |
|---|---|---|
| ૧ | વિદ્યાર્થીઓ, શિક્ષકો, રસોયા, હેલ્પર અને એસ.એમ.સી. ના સભ્યોને રસોઈ બનાવતા પહેલા, જમતા પહેલા અને ટોયલેટના ઉપયોગ પછી સાબુ વડે હાથ ધોવડાવવા માટે શપથ લેવડાવવા | સંકલ્પ પત્ર |
| ૨ | સાબુ વડે હાથ ધોવાની પધ્ધતિ, સાબુ વડે હાથ ધોવાના ફાયદા અને સાબુ વડે હાથ ધોવાથી કયા રોગથી બચી શકાય તે માટે શાળાઓમાં નાટક, ભાષણ, ગીત ધ્વારા ચર્ચા કરવી. | આઈ.ઈ.સી. અને સામગ્રી |

| ક્રમ | પ્રવૃતિનું નામ | સાધન સામગ્રી |
|---|---|---|
| ૩ | શાળાના સમય પછી, વિદ્યાર્થીઓ, શિક્ષકો. રસોઈયા, હેલ્પર અને વાલીઓનું જુથ બનાવી જાહેર સ્થળોએ હાથ ધોવાની પધ્ધતિનું નિદર્શન કરવું. જેવા કે, ગ્રામ પંચાયતની ઓફિસ, શાકમાર્કેટ, બસ સ્ટેશન વગેરે. ઉપરાંત લોકોને કહેવું કે કયારે હાથ ધોવા જોઈએ અને હાથ ધોવાના શું ફાયદા છે. | આઈ.ઈ.ઈ.સી., હાથ ધોવા માટે પાણી અને સાબુ |
| ૪ | સાબુ વડે કયારે હાથ ધોવા જોઈએ અને તેના શું ફાયદા છે તેની બાળકોના વાલીઓ અને એસ.એમ.સી.ના સભ્યો સાથે ચર્ચા કરવી. | નિદર્શન (બતાવીને) |

વિદ્યાર્થીઓ, શાળાના બાળકો, રસોઈયા, હેલ્પર, એસ.એમ.સી. ના સભ્યો અને સમુદાય ઉપરાંત નીચે મુજબના પ્રતિનિધિઓને પણ જાગૃતિ ફેલવવા માટે આમંત્રિત કરી શકાય.

- આંગણવાડી કાર્યકર
- પાણી સમિતિના સભ્યો
- આરોગ્ય વિભાગના કર્મચારીઓ

CRCs અને BRCs ને સૂચિત કરવામાં આવે છે કે, તમારા કલસ્ટર અને તાલુકાની શાળામાં આ અભિયાનની દેખરેખ રાખવી. CRCs અને BRCs ને સૂચિત કરવામાં આવે છે કે, તમે જે દેખરેખ રાખી છે તેનો અહેવાલ ટીચર ટ્રેનિંગ કો–ઓર્ડિનેટરને મોકલવાનો રહેશે. ટીચર ટ્રેનિંગ કો–ઓર્ડિનેટરે આ અહેવાલને એકત્રિત કરી તા.૨૫/૧૦/૨૦૧૬ સુધીમાં ટીચર ટ્રેનિંગ ઓફિસરને આપવાનો રહેશે. રીપોર્ટનો ફોટોગ્રાફ/વિડિયો msssguj@gmail.com ના ઈ–મેઈલ આઈ.ડી. પર મોકલવાનો રહેશે.

| ક્રમ | જિલ્લામાં કુલ શાળા | "આંતરરાષ્ટ્રીય હાથ ધોવાના દિવસ" ની કેટલી શાળામાં ઉજવણી કરવામાં આવી | "આંતરરાષ્ટ્રીય હાથ ધોવાના દિવસ" નવી રીતે કાર્યક્રમ કરવામાં આવ્યો હોય તેવી ઓછામાં ઓછી ત્રણ સ્કુલના ફોટો |
|---|---|---|---|
| | | | |

<u>ફોલો – અપ :</u>

શાળાઓમાં ભોજન બનાવતા પહેલા, જમતા પહેલા અને ટોયલેટના ઉપયોગ બાદ સાબુ ધ્વારા હાથ ધોવાની પ્રવૃતિનું નિયમિત પણે આયોજન કરો.

- મધ્યાહન ભોજનના રસોડામાં અને મધ્યાહન ભોજન પછી સાબુ વડે હાથ ધોવાની સુવિધા છે કે નહિ તેની ખાતરી કરો.
- દરેક બાળક ભોજન લેતા પહેલા અને ટોયલેટનો ઉપયોગ કર્યા બાદ હાથ ધોવે છે કે નહિ તેની ખાતરી કરો.
- મધ્યાહન ભોજનની રસોઈ બનાવતા પહેલા અને બાળકોને રસોઈ પીરસતા પહેલા રસોઈયા અને હેલ્પરે સાબુથી હાથ ધોવે છે કે નહિ તેની ખાત્રી કરો.

(મહેશ સિંહ)

નકલ રવાના :– ટીચર ટ્રેનિંગ કોઓર્ડિનેટર, તમામ જિલ્લા.